# સરદાર પટેલ અને કેળવણી

**ચૌધરી જયશ્રી જી.**
ડી/૬૫, વ્રજધામ સોસાયટી, એરફોર્સ સ્ટેશનની પાસે,
મકરપુરા, વડોદરા-૩૯૦૦૧૪.
Email ID : gulabgc.62@gmail.com

**સારાંશ :** ભારતીય સ્વાતંત્ર્ય સેનાની કે જેમણે ભારતનું એકીકરણ કર્યુ એવા શ્રી સરદાર વલ્લભાઈ પટેલ ભારતના એક રાજકીય તેમજ સામાજિક નેતા હતાં. જેમણે દેશની સ્વતંત્રતાની લડતમાં મહત્વનો ફાળો આપ્યો. અને અખંડ ભારતના એકીકરણનું નેતૃત્વ કર્યું. એવા સરદાર વલ્લભભાઈ પટેલ શિક્ષણ અંગે જાગૃત વ્યક્તિ હતાં. તેમણે અંગ્રેજોના પગ નીચે કચડાયેલા શિક્ષણને જીવંત બનાવવાનું કાર્ય કર્યું. સરદાર વલ્લભભાઈ ભારતના દરેક નાગરિક – અભણ વ્યક્તિ સુધી શિક્ષણ પ્રસરે તેવા શિક્ષણની હિમાયત કરી. એવા શિક્ષણની હિમાયત કરી જેનાથી સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ થાય.

**શબ્દ સૂચિ :** કેળવણી, અખંડ, સ્વાશ્રયી, મનુષ્યત્વ, ઘડતર, ઉન્નતિ, અક્ષરજ્ઞાન.

## પ્રસ્તાવના :

ચરોતર પ્રદેશ નામે ઓળખાતો ખેડા જીલ્લો કે જેને ફાર્બસે, “ઉત્તમ ખેતી અને રમ્ય વૃક્ષરાજિથી દીપ તો રમણીય પ્રદેશ” કહ્યો છે. તો જેમ્સ કેમ્પબેલે જેને “સમૃદ્ધ, સુડોળ અને સુઘડ પ્રદેશ” તરીકે વર્ણવેલ છે. એવા ભારતખંડના બગીચા જેવો ચરોતર પ્રદેશ જેના ખેડા જીલ્લાના નાનકડા ગામ કરમસદમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ થયો હતો.

અખંડ ભારતના વિધાતા એવા સરદાર વલ્લભભાઈ પટેલે રાજકારણ, સ્વચ્છતા, લોકકલ્યાણ, રાજ્યોનું એકીકરણ વિગેરે ક્ષેત્રોમાં મહત્વનું યોગદાન આપેલ છે. આજે આપણે જે અખંડ ભારતને જોઈએ છીએ તે સરદાર પટેલની જ દેન છે. એવા સરદાર પટેલની શિક્ષણ (કેળવણી) ના ક્ષેત્રમાં થયેલા યોગદાનની વાત કરીશું.

સરદાર પટેલના મંતવ્ય પ્રમાણે માણસનું ‘મનુષ્યત્વ’ ખીલી ઊઠે અને માનવ તરીકે બજાવવાના ધર્મ પ્રત્યે જાગ્રત કરે છે. એ કેળવણીનો પ્રમુખ સૂર છે.

“કેળવણી બે પ્રકારની છે એક કેળવણી માણસની માણસાઈ લઈ લે છે, બીજી માણસને માણસાઈનું ભાન કરાવે છે, એક માણસને મદમાં ચકચૂર કરે છે, બીજી માણસને પુરૂષ અને સ્ત્રીને તેના ધર્મ પ્રત્યે જાગ્રત કરે છે. આ બીજી તેજ સાચી કેળવણી.”

સરદાર પટેલે સમગ્ર કેળવણીને સમાજ તેમજ રાષ્ટ્રના પાયા તરીકે વિચારી છે. તેમના મતે જેવી કેળવણી હશે તેવો રાષ્ટ્રનો પાયો નંખાશે.

## સરદારની બાળપણની કેળવણી :

વલ્લભભાઈ છ વર્ષની નાની વયમાં તેમના જ ગામ કરમસદની એક શિક્ષકવાળી ગામઠી શાળામાં પ્રવેશ મેળવ્યો. આ શાળાના શિક્ષકની ભણાવવાની પદ્ધતિમાં પોતાના પક્ષે ઓછામાં ઓછી મહેનત પડે તે રીત હતી.

પરિણામે શિક્ષક બે ચાર કડક શબ્દો ફાવે તેમ બોલી કહે છે, 'માંય ભણો મને શું પૂછો છો ?' જે કોઇ વિદ્યાર્થી મુશ્કેલીનું નિવારણ કરવા જાય તે દરેકને માટે આ એક જ જવાબ રહેતો.

આમ છ વર્ષના વલ્લભભાઇને માટે પણ શરૂ થયેલું આ પ્રકારનું શિક્ષણ કંઇક આ રીતે નીરસ બની ગયું. તેમ છતાં તેમણે 'માંય માંય ભણો' આ ગામઠી શાળાની શિક્ષણ પદ્ધતિનાં આ વાક્યને પોતાના જીવનનો ગુરૂમંત્ર બનાવી દીધો.

વલ્લભભાઇ કહેતા કે ભણવું જ હોય, તો સ્વાશ્રયી બન્યા વગર નહિ ચાલે. આ વાત છ વર્ષની નાની ઉંમરમાં જ તેમના મનમાં સમાઇ ગઇ હતી. આમ, તેમણે જ્ઞાનને અનુભવો દ્વારા મેળવવા માંડ્યું. આમ કોઠે ચઢેલી વિદ્યા મેળવવાની શુભ શરૂઆત થઇ. જે પછીના તેમના વિદ્યાર્થી જીવન માટે સાચી વિદ્યા બની ગઇ.

વલ્લભભાઇના મતે નિશાળે ભણવા જવાનું એનો અર્થ એ ન હતો ફક્ત ભણવાનું જ કામ કરવાનું. ભણવાની સાથે-સાથે તેઓ ખેતીમાં પિતાને મદદ કરતાં ઘર અને આંગણાને સ્વચ્છ રાખતા. ઘરથી ખેતર સુધીના માર્ગમાં જે સમય જાય ત્યાં તેઓ સમયને વેડફી ન દેતા અને આંક બોલતા કોઇક વાર ઝવેરભાઇ તેમણે વચ્ચે અટકાવીને પલાખાં પણ પૂછતાં. આમ વલ્લભભાઇના મતે સાચી કેળવણી એ માત્ર ભણવામાં કે પુસ્તકમાં જ નથી પરંતુ ઘરની જવાબદારી નિભાવવી પોતાના ઘર અને ઘરની આસપાસ સ્વચ્છતા રાખવી, એક-બીજાને મદદ કરવી, ખેતરમાં સઘળુ કામ શીખવું આ તમામ બાબતોને કેળવણીમાં સમાવી લેવું.

નાનપણથી જ બહાદુર અને નિર્ભય એવા વલ્લભભાઇની સાથે એવું બન્યું કે તેઓ નિશાળમાં એક વાર તોફાન કર્યું તેથી શિક્ષા સ્વરૂપે તેમણે શિક્ષકે બસો પાડા લખવાની સજા આપી. વલ્લભભાઇ વિચારતા કે પાંચ, દસ વખત લખવાનું કહ્યું હોત તો શિક્ષા માન્ય ગણાય. પણ બસો વાર લખી લાવવાનું આટલા બધા આંકના ઘડિયા ક્યારે લખાશે. એટલે બીજા દિવસે તેઓ નિશાળમાં લખ્યા વગર ગયા. જ્યારે માસ્તરે પૂછ્યું કે "પાડા લાવ્યો છે." તો વલ્લભભાઇએ કીધું "હા લાવ્યો તો છું." આ જવાબ સાથે માસ્તરને શંકા તો થઇ એટલે પૂછ્યું કેટલા ? બસો લાવ્યો છે ? આ સમયે વલ્લભભાઇને રમૂજ કરવાનું મન થઇ આવ્યું અને કહ્યું "સાહેબ ! બસો પાડા લાવ્યો હતો. પણ નીકળ્યા મારકણા, એટલે બધાય ભાગી ગયા !" આ જવાબ સાંભળી માસ્તર ગુસ્સે થયા અને કહ્યું બીજે દિવસે લઇ આવજે.

બીજે દિવસે પણ વલ્લભભાઇ ઘડિયા લખ્યા વગર નિશાળે આવેલા. ત્યારે શિક્ષકે પૂછ્યું. આજે પાડા લખી લાવ્યો છે કે નહિ, આજે વર્ગને માટે વલ્લભભાઇ બીજી રમૂજ વિચારી રાખી હતી. સાહેબે બસો પાડા બતાવવાનું કહ્યું ત્યારે કાગળની ચબરખીમાં લખેલું "બસો પાડા" આ કાગળની કાપલી સાહેબ આગળ ધરીને કહ્યું. "લ્યો આ બસો પાડા."

આમ, વલ્લભભાઇની બુદ્ધિ શક્તિ આગળ શિક્ષકને પણ નમવું પડ્યું. કારણ કે ત્રીજે દિવસે જો પાડા લખી લાવવાનું કહ્યું હોત તો વળી કોઇ બીજી રમૂજ લઇને આવી જાત.

## સરદાર અને ગાંધીજીની કેળવણી :

અંગ્રેજોના વખતમાં અંગ્રેજ સરકારની શિક્ષણ નીતિથી શિક્ષણ વ્યવસ્થાનું માળખું ગોઠવાયેલું હતું. અંગ્રેજ શાસનકાળ દરમ્યાન જ સમાજ સુધારક રાજારામ મોહનરાય, સ્વામી દયાનંદ, ગાંધીજી, કાકા કાલેલકર વિગેરે કેળવણીને ભારતીય દ્રષ્ટિકોણથી વિચારવાનો પ્રારંભ તો કરી ચૂક્યા હતાં. છતાંય દેશની મોટાભાગની પ્રજા નિરક્ષર હોવાથી ગુલામીની બેડીઓમાં ફસાયેલી હતી. આઝાદીનો જંગ ખેલ્યા પછી દેશને બેઠો કરવા, નિરક્ષરતાના અંધકારમાંથી બહાર લાવવા અને સક્ષમ પ્રગતિશીલ બનાવવા માટે આ દેશમાં ગાંધીજીએ શિક્ષણક્ષેત્રે ખૂબ જ જેહમત

ઉઠાવી. દેશની જરૂરિયાત ગુજરાત શિક્ષણ અનુસારની શિક્ષણ પ્રથા (બુનિયાદી શિક્ષણ) ને ગાંધીજીએ વ્યવસ્થિત ઢાંચામાં ગોઠવી. ગાંધીજીના અંતરંગ હોવાને નાતે સરદાર પટેલે પોતે સ્વદેશી કેળવણીનું કાર્ય પોતાના હાથમાં ઉપાડી લીધું, શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપીને પોતાની આગવી શૈલીમાં સમજ આપી, વધુ વેગવંતું કર્યું ગાંધીજીની રાહબરી હેઠળ કેળવણી વિચારના અસ્ખલિત વહેતા પ્રવાહમાં સરદાર પટેલે દેખીતી રીતે જ જે કાંઇ વિચારાતું હતું તેનું આકલન કરીને આગળ વધવાનું હતું.

**સરદારના કેળવણી વિષયક વિચારો :**

સરદાર વલ્લભભાઇ પટેલની વિચારસરણી અનુસાર જે શિક્ષણમાં શ્રેષ્ઠ ચિંતન હોય, સ્વદેશ પ્રેમ હોય, સૃષ્ટિનું સૌન્દર્ય નિરખવાની દ્રષ્ટિ હોય, આત્મૈક્ય હોય, જીવનની વાસ્તવિક્તા હોય, સત્યનું દિવ્ય તેજ હોય, તેવું શિક્ષણ કે જે પ્રગતિનાં સાચા માર્ગે દોરી વાસ્તવિક્તાનો ખ્યાલ આપી નિરંતર ઉત્સાહ, પ્રેરણા સંતોષ અને આનંદ આપી જીવનનું ઉત્થાન કરતું હોય તેવું શિક્ષણ જ સાચું શિક્ષણ છે.

સરદાર પટેલ કહે છે કે શ્રેષ્ઠ શિક્ષણ માનવીને "મનુષ્યત્વ" ધરાવતો પીઢ, વિવેકશીલ, ચારિત્ર્યશીલ, ઉમદા-ઉદાત્ત માનવી બનાવે છે. શિક્ષણ નવો દ્રષ્ટિકોણ પેદા કરી ક્રાંતિ લાવે છે. શિક્ષણ એ વ્યક્તિથી માંડીને ગામ, સમાજ અને રાષ્ટ્રને વિકાસશીલ બનાવે છે તેમજ જીંદગી જીવવાનું સાહસ પુરૂં પાડે છે.

સરદાર માતૃભાષાની સાથે-સાથે અંગ્રેજી શિક્ષણના પણ હિમાયતી હતા. તેમણે અંગ્રેજી શિક્ષણનો બહોળો ફેલાવો કરવાની જરૂરત પર ભાર મૂકતા જણાવ્યું કે, "અંગ્રેજી વિદ્યા પ્રતાપે દેશમાં જાગૃતિ વધી છે. એ જ વિદ્યાના બળે આપણે બીજા દેશની સ્થિતી સમજતા થયા છીએ. એ જ વિદ્યા આપણને ઉન્નતિનો માર્ગ બતાવે અને એ જ અંગ્રેજી વિદ્યા આપણને સમૃદ્ધિના શિખરે લઇ જશે."

સરદાર વલ્લભભાઇ પટેલે દેશના લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત થાય તે માટે સ્વદેશી શિક્ષણની હિમાયત કરી. આ સ્વદેશી શિક્ષણના પ્રચાર અને પ્રસાર માટે તેમણે અમદાવાદમાં વિઠ્ઠલ કન્યા વિદ્યાલય, બોચાસણામાં વલ્લભ વિદ્યાલય, વેડછીમાં સ્વરાજ્ય આશ્રમ, પંચમહાલમાં ભીલ સેવા મંડળ આશ્રમ, રાસમાં શાળા વલ્લભ વિદ્યાનગરને વિદ્યાના ધામ તરીકે વિકસાવ્યું. આમ, નવી શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરી અને વિકસાવી.

મનુષ્યમાં ખૂબ જ જ્ઞાન સમાયેલું છે તેને શિક્ષણ દ્વાર ઉદ્દીપ્ત કરી સન્માર્ગે વાળવાનું છે. જેથી સરદાર પટેલ માનસિક વિકાસની સાથે-સાથે શારીરિક વિકાસને લગતી પ્રવૃતિઓને પણ સાંકળે છે. સરદાર પટેલ જણાવે છે કે, "એકલો બુદ્ધિનો વિકાસ નકામો છે. તેનાથી જગતને ફાયદો નથી" તેથી હાથ-પગની કેળવણી પણ જરૂરી હોઇ શિક્ષણ સાથે ઉદ્યોગને પણ અત્યંત મહત્વનું ગણાવે છે.

સરદાર પટેલ એવું શિક્ષણ ઇચ્છે છે કે જે શાળા-સમાજ, ગામ-રાષ્ટ્રને એકતાર કરનાર હોય અને જ્યાં માનવીય વ્યવહાર, માનવીય પારસ્પરિક, સામાજિક પારસ્પરિક વ્યવહાર સમજપૂર્વક થતો હોય. બાળકની સ્વચ્છતાનું, રહેણી કરણીનું, સભ્યતાનું, તાલીમનું ઘડતર શિક્ષણ કાળ દરમ્યાન જ થવું જોઇએ, જેથી શાળાને તેઓ સમાજના લઘુસ્વરૂપ તરીકે સ્વીકારે છે. ભવિષ્યના જીવનનું સંપૂર્ણ માનવ ઘડતરનું ભાથું, વિદ્યાર્થી અવસ્થા દરમ્યાન જ પ્રાપ્ત થવું જોઇએ. સરદાર પટેલે સ્વાવલંબી કેળવણીને દ્રષ્ટિ સમક્ષ રાખી છે. જેથી વિદ્યાર્થીઓને સામાજિક કેળવણી અભ્યાસ દરમ્યાન પ્રાપ્ત થાય તેમજ સ્વાશ્રયી શિક્ષણ પણ સાથે સાથે પ્રાપ્ત થાય એવી શિક્ષણની વ્યવસ્થા જરૂરી છે.

સરદાર પટેલ સ્ત્રી કેળવણી વિશે કહેતા કે ભવિષ્યની પ્રજા ઘડતર માટે "છોકરીઓને કેળવણી આપે તો યોગ્ય સ્વતંત્રતા આપવી જ જોઇએ. કેળવણી ન આપો તો આપણા સંસારનું એક અંગ અપંગ રહે છે. તેથી ભવિષ્યની પ્રજા

ઘડાતી નથી. અને તેની પ્રગતિ રૂંધાય છે.” આમ, સરદાર સ્ત્રીઓની કેળવણી વિશે પણ સજાગ હતા. તેઓ “બધી ઉન્નતિથી કૂંચી જ સ્ત્રીની ઉન્નતિમાં જ છે.” એમ કહે છે.

સરદાર પટેલની દ્રષ્ટિએ અક્ષરજ્ઞાન એ કેળવણી નથી. અમદાવાદમાં વિદ્યાપીઠમાં સ્નાતકો સમક્ષ (તા. ૧૨/૦૧/૧૯૩૦) રજૂઆત કરતાં જણાવે છે, - પુસ્તકીય કેળવણીની પરવા ન કરો, એવા માણસો ખૂબ મળે છે. “ડીગ્રી મેળવેલા મારી પાસે ઘણા આવે છે. મને તેમની દયા આવે છે. ડીગ્રી અને ન ડીગ્રીવાળાં બન્ને ભટકે છે. કારણ કે જગતની ડીગ્રી વગર બધુ નકામું છે” આમ, સમગ્ર કેળવણીનો ઉદ્દેશ્ય મનુષ્યના ‘મનુષ્યત્વ’ ને ખીલવવાનો છે.

## ઉપસંહાર :

આમ, સરદાર પટેલના મંતવ્ય અનુસાર શિક્ષણનું કામ એ ચારિત્ર્ય ઘડતર એટલે કે બાળકમાં સદગુણોની સમજ કેળવી સદગુણોની ખીલવણી કરવાનું છે, સદગુણોથી સંસ્કારિતા આવે, સંસ્કારિતાથી સંસ્કૃતિનો વિકાસ થાય છે. શિક્ષણ દ્વારા સદગુણોની ખીલવણી થાય છે જે આપણને સારા વર્તન તરફ લઈ જાય છે. સારૂ વર્તન એ આપણને સંસ્કારિતા તરફ અને સંસ્કારિતા એ કલા તરફ અર્થાત સંસ્કૃતિ તરફ દોરી જાય તેવી કેળવણી હોવી જોઈએ.

## સંદર્ભ સૂચિ:

૦૧. રાજેન્દ્રમોહન ભટનાગર, “સરદાર”, ગુર્જર પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૫.
૦૨. ઉર્વીશ કોઠારી, “સરદાર સાચો માણસ સાચી વાત”, સત્ય મિડિયા પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૫.
૦૩. રાજમોહન ગાંધી, “સરદાર પટેલ એક સમર્પિત જીવન”, નવજીવન પ્રકાશન મંદિર, ૧૯૯૪.